
या देवी सर्वभूतेषु भ्रान्ति रूपेण संस्थिताम्, नमस्तस्यै, नमस्तस्यै, नमस्तस्यै नमो नमः



# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૦૦ | ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૭, શુક્રવાર ; આસો સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આર્થિક સ્થિતિ મામલે પિતા-પુત્ર આમને-સામને

**દેશનું અર્થતંત્ર નબળું પડ્યું છે, ચપટી વગાડતા સ્થિતિ નહીં સુધરે : યશવંત સિંહા : પુત્રનો પિતાને જવાબ, નવી ઈકોનોમી લાંબા ગાળે ફાયદાકારક, લાંબા ગાળે ટેક્સ કલેક્શન વધશે અને રાજ્યો માટે વધુ સંસાધન ઉપલબ્ધ થશે, અર્થવ્યવસ્થામાં સુધાર થશે અને જીડીપી દર વધશે : જયંત સિંહા**





ન્યુ દિલ્હી,તા.૨૮

અટલ બિહાર વાજપેયી સરકારમાં નાણામંત્રી રહેલા ભાજપના દિગ્ગજ નેતા યશવંત સિન્હાએ લેખ લખીને હાલની એનડીએ સરકાર અને નાણામંત્રી અરુણ જેટલી પર અનેક પ્રહારો કર્યા જેના કારણે કેન્દ્ર સરકાર બેકફૂટમાં જોવા મળી રહી હતીં. યશવંત સિન્હાને જવાબ આપવા માટે બીજુ કોઈ નહીં પરંતુ તેમના જ પુત્ર જયંત સિન્હા મેદાને પડ્યા છે. જયંતના પિતા યશવંત સિન્હાએ એક લેખમાં નાણામંત્રી અરુણ જેટલી પર આરોપ લગાવ્યો હતો કે તેમણે દેશની અર્થવ્યવસ્થાનો કબાડો કરી નાખ્યો છે. જયંતે પિતાને કાઉન્ટર કરતા એક અંગ્રેજી અખબારમાં લેખ લખ્યો. તેમણે જણાવ્યું કે ભારતીય અર્થવ્યવસ્થા અંગે હાલના દિવસોમાં અનેક લેખ લખાયા છે. પરંતુ તે બધા નાના તથ્યો પર આધારિત છે. જેમાં ફંડામેન્ટલ સ્ટ્રક્ચરલ રિફોર્મથી અંતર જાળવવામાં આવ્યું છે. અર્થવ્યવસ્થામાં તેનાથી સુધારો આવી રહ્યો છે. સરકારે એવા અનેક સુધારા કર્યા છે જેનો ફાયદો આવનારા દિવસોમાં લોકોને મળશે.

એક અંગ્રેજી અખબારમાં લખેલા લેખમાં જયંત સિન્હાએ લખ્યું છે કે જીએસટી, નોટબંધી અને ડિજિટલ પેમેન્ટ ભારતીય અર્થવ્યવસ્થા માટે ગેમ ચેન્જિંગ પ્રયત્નો છે. હજુ સુધી જે ટેક્સ નહતા

● અનુસંધાન પાન-૭ પર

# બિહારમાં ૨૬ કોંગી ધારાસભ્યો સોનિયાથી નારાજ

**નવા કારોબારી અધ્યક્ષ કાદરીની વરણીથી ખફા : અશોક ચોધરીની હાલમાં હકાલપટ્ટી કરવાના કોંગ્રેસ હાઇ કમાન્ડના નિર્ણયથી રોષ**

પટણા,તા. ૨૮

અશોક ચોધરીને દુર કરવામાં આવ્યા બાદ બિહાર કોંગ્રેસના નવા કારોબારી અધયક્ષણ બનેલા કોકબ કાદરીએ કારોબાર સંભાળી લીધો છે. જો કે આ પ્રસંગે રાજ્યના ૨૭ પાર્ટી ધારાસભ્યોપૈકી ૨૬ ગેરહાજર રહ્યા હતા. બિહાર કોંગ્રેસના પ્રમુખપદેથી અશોક ચોધરીની હકાલપટ્ટી કરવાના પાર્ટી હાઈ કમાન્ડના નિર્ણયથી ધારાસભ્યો ભારે નાખુશ દેખાઈ રહ્યા છે. સોનિયા ગાંધી દ્વારા હાલમાં નવી નિમણૂંક કરવામાં આવી હતી. ચોધરીને પક્ષ પલટા વિરોધી કાયદાથી પાર ઉતરવા માટે ૧૮ ધારાસભ્યોના સમર્થનની જરૂર દેખાઈ રહી છે. રાજ્ય કોંગ્રેસના હેડક્વાર્ટસ ખાતે આયોજિત કાર્યક્રમમાં માત્ર એક ધારાસભ્ય સિદ્ધાર્થ ઉપસ્થિત રહ્યા હતા. કમ સે કમ ૧૫ ધારાસભ્યો અને એમએલસીએ ચોધરીના આવાસ પર પહોંચીને તેમના પ્રત્યે એકતા દર્શાવી હતી. જે ધારાસભ્યોએ જઈને ચોધરીની સાથે

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં ૪.૫ કરોડ ઘરમાં વિજળીના કનેક્શન નથી

**વિજળી કનેક્શન ધરાવતા ઘરની સંખ્યા ૧૩.૮૭ કરોડ છે : સૌભાગ્ય યોજનાથી ઉત્તર પ્રદેશને વધુ ફાયદો રહેશે**

નવી દિલ્હી,તા. ૨૮

દરેક ઘરમાં વિજળી પહોંચાડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી સૌભાગ્ય યોજનાનો સૌથી વધુ ફાયદો ઉત્તર પ્રદેશને થનાર છે. આ યોજનાથી ઉત્તર પ્રદેશના આશરે ૧.૬૦ કરોડ ઘરો સુધી વિજળી પહોંચાડવામાં આવશે. ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશનના ચેરમેન શૈલેન્દ્ર દુબેના કહેવા મુજબ આ યોજના દેશભરમાં ૪.૫ કરોડ ઘર સુધી વિજળી પહોંચાડવામાં આવનાર છે. આમા આશરે ૪૦ ટકા ઘર એકલા ઉત્તર પ્રદેશમાં છે. કેન્દ્રીય વિજળી ઓથોરિટીના આંકડા મુજબ ઉત્તર પ્રદેશના ૭૧ ટકા ઘરમાં હજુ સુધી વિજળી કનેક્શન નથી. શૈલેન્દ્ર દુબેના કહેવા મુજબ સરકારની ઉર્જા નીતિમાં ફેરફાર કરવાની જરૂર દેખાઈ રહી છે. આનાથી સસ્તાદરે તમામને વિજળી મળી રહેશે. દેશમાં વિજળી ઉત્પાદન ક્ષમતા ૩.૩૦ લાખ મેગા વોટ છે જ્યારે વિજળીની માંગ ૧.૫૦ લાખ મેગા વોટ છે. ત્યારબાદ પણ કરોડો ઘરોમાં વિજળી નથી. ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર ફેડરેશને સૌભાગ્ય યોજનાનું સ્વાગત કર્યું છે સાથે સાથે માંગ કરી છે કે, સફળતા માટે રાજ્ય સરકાર ખાનગી ઘરમાં નિર્ભરતાને ખતમ કરવા જાહેર ક્ષેત્રને મજબૂત કરશે. ઉત્તર પ્રદેશની સાથે સાથે અન્ય રાજ્યોમાં પણ મોટાપ્રમાણમાં વિજળી મળનાર છે. ઉત્તર પ્રદેશની વાત કરવામાં આવે તો ગ્રામીણ વિસ્તારમાં સ્થિતિ ખુબ જ નિરાશાજનક છે. વિજળીને લઈને સૌભાગ્ય યોજના ખુબ જ આશાસ્પદ દેખાઈ રહી છે.

## ન્યુઝ ટ્રેક

### જાપાનમાં નીચલા ગૃહને વિખેરાયુ

જાપાનના પ્રધાનમંત્રી શિન્જો આબેએ નીચલા ગૃહને વિખેરી નાખ્યુ છે. ગૃહ વિખેરાતા ચૂંટણી જાહેર કરવામાં આવી છે.

### પેટ્રોલ-ડિઝલ હવે ઓનલાઈન ઉપલબ્ધ

પેટ્રોલ-ડિઝલ મેળવવા હવે પેટ્રોલપંપો પર જવાની જરૂર નથી. ઘરે બેઠા ઓનલાઈન પેટ્રોલ ડિઝલની ખરીદી થઈ શકશે એવી જાહેરાત પેટ્રોલીયમ પ્રધાને કરી છે.

### કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી ફોતેદારનું નિધન

પૂર્વ સાંસદ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા એમ.એલ. ફોતેદારનું અવસાન થયું છે. તેઓ કોંગ્રેસ વર્કીંગ કમિટિના કાયમી આમંત્રિત સભ્ય હતા.

### જીએસટી કાઉન્સીલની બેઠક ૬ ઓક્ટોબરે

વિવિધ વિવાદિત મુદ્દાઓ અંગે જીએસટી કાઉન્સીલની આગામી બેઠક ૬ ઓક્ટોબરના રોજ યોજાશે.

### પ્લેબોય મેગેઝીનના સ્થાપક હ્યુ હેફનરનુ અવસાન

વિશ્વ પ્રસિદ્ધ પ્લેબોય મેગેઝીનના સ્થાપક અને સેકસુઅલ રિવોલ્યુશનના પ્રતિક ગણતા લોકપ્રિય હ્યુ હેફનરનુ અવસાન થઈ ગયુ છે. તેઓ ૯૧ વર્ષના હતા. ૬૦ના દશકમાં પુરૂષો માટે નવા પ્રકારના મેગેઝીનને રજૂ કરીને એક નવી ક્રાન્તિ લાવી હતી.

### તરુણ તેજપાલ સામે આરોપો ઘડાયા

તહેલકાના પૂર્વ એડિટર તરુણ તેજપાલની સામે ગોવાની કોર્ટે આજે આરોપો ઘડ્યા હતા. તેમની જુનિયર સાથી પર બળાત્કારના મામલામાં તેઓ આરોપી છે. વર્ષ ૨૦૧૩માં તેમના જુનિયર સાથી ઉપર બળાત્કારના આક્ષેપ બાદ તરુણ તેજપાલ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. આરોપો ઘડી દેવામાં આવ્યા બાદ હવે ૨૧મી નવેમ્બરથી કેસમાં આગામી સુનાવણી શરૂ થશે. તરુણ તેજપાલ ઉપર આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ આરોપો ઘડાવામાં આવ્યા છે.


અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા

Amul T-Special Milk

₹48*/1 L

અમૂલ

ટી - સ્પેશ્યલ દૂધ

*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 - 23969055 / 56 / 57.



ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



happy Navratri

નવરાત્રી સ્પેશીયલ

ફાફડા જલેબી.





રાધે

Prem Ni Mithaas

Buy Sweets Online on premnimithaas.com


## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ



**સ્વ. ડો. બળદેવસિંહ મગનસિંહ વાઘેલા**

આપ ચૈતન્યમાં તદ્રુપ થયા ને એક વર્ષ વીતી ગયું. પા... પા... પગલી માંડતાં પકડેલી આપની આંગળી હજીય વછુટતી નથી. ભયંકર અંધકારમાં હૂંફ અને પ્રકાશ બની, ખેતરની હરિયાળીમાં માટીની મહેક રૂપે, કોઈ બિમારની આંખેથી વહેતી કૃતજ્ઞતામાં, નત મસ્તકની શ્રદ્ધામાં, વાત્સલ્યમય કરચલિયાળા હાથમાં, ગરીબના આશ્વસ્થ હૈયામાં, ઉછરીને મોટા થયેલા પ્રત્યેક વૃક્ષની છાયામાં, આપ વિલસી રહ્યા છો. સમય વીતશે પરંતુ આપની સ્મૃતિનાં આંગળિયાત અમે આપના ચીંધેલા માર્ગે વણથાક્યા, વણથંભ્યા વણહાર્યા ચાલતાં જ રહીશું...

નિરુબા બળદેવસિંહ વાઘેલા

સ્વાતિબા રાઓલ — હિતેનસિંહ વાઘેલા

કીર્તિદેવસિંહ રાઓલ — મનિષાબા વાઘેલા

નીતિનભાઈ જોષી — પ્રદીપસિંહ બિહોલા

પ્રાચિબા, મિશ્વાબા, રુદ્રસિંહ




સાડી - કુર્તી અને રેડીમેઈડનું મહાસેલ

નાણાંકીય કટોકટી... માલનો જંગી ભરાવો

નાણાકીય વહેવાર, બેંકલોન, માર્કેટ ચુકવણી, સ્ટાફ પગાર માટે મજબુરીમાં શો-રૂમના બધા સ્ટોકનું સેલ

આ ઓફર ફક્ત 4 દિવસ શુક્ર, શનિ, રવિ, સોમ

આખા હોલમાં કોઈપણ સાડી અને કુર્તી ફક્ત રૂા. 100

રૂા. 500 થી 750 સુધી વેચાતા બ્રાન્ડેડ રેડીમેડ ગારમેન્ટ ફક્ત રૂા.350 માં

• પ્યોર સિફોન સાડી...રૂા. 100માં • સાઉથ કોટન પ્રિન્ટેડ કુર્તી..રૂા. 100માં • બ્રાન્ડેડ જીન્સ... રૂા. 350માં
• ક્રેપ જયોર્જટ સાડી...રૂા. 100માં • અનારકલી કોટન કુર્તી..રૂા. 100માં • ફોર્મલ પેન્ટ... રૂા. 350માં
• ગાર્ડન પ્રિન્ટ સાડી...રૂા. 100માં • જયોર્જટ પ્રિન્ટેડ કુર્તી... રૂા. 100માં • કેજયુઅલ શર્ટ... રૂા. 350માં
• સાઉથ સિલ્ક સાડી..રૂા. 100માં • લોંગ બાટીક પ્રિન્ટ કુર્તી...રૂા. 100માં • ફોર્મલ શર્ટ... રૂા. 350માં
• બાંધણી પ્રિન્ટ સાડી..રૂા. 100માં • જયપુરી પ્રિન્ટેડ કુર્તી... રૂા. 100માં • ફેન્સી ટી - શર્ટ... રૂા. 350માં
• સાર્ટીક સિલ્ક સાડી... રૂા. 100માં • ગોલ્ડ જરી બોર્ડર કુર્તી... રૂા. 100માં • બ્રાન્ડેડ ટ્રેક પેન્ટ... રૂા. 350માં

બાળકો માટે : જીન્સ પેન્ટ, શર્ટ, ટી-શર્ટ, ફોર્મલ પેન્ટ હાફ પેન્ટ,
લેડીઝ માટે : કુર્તી, લેગીગ્સ, પ્લાઝો, હેરમ, કેપ્રી, નાઈટી, ફેન્સી ટોપ
રૂા 100 થી 250 સુધી

શર્ટ, ટી-શર્ટ, M to 5XL, જીન્સ, કોટન, પેન્ટ 28 to 46 રૂા. 350 થી 650 સુધી

વિશ્વકર્મા હોલ
વખારીયા ચાર રસ્તા, ગાર્ડનની પાસે, કલોલ, ઉ.ગુ.
સમયઃ- સવારના 10-00 થી રાત્રીના 9-30

વિશ્વકર્મા હોલ
સેક્ટર-૧૨, ગાંધીનગર
સમયઃ- સવારના 10-00 થી રાત્રીના 9-30





Coming Soon

The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food

at

bansari TRADITIONAL

ભાતીગળ ભોજનનો આસ્વાદ

(A.C Restaurant)

Bansari Traditional, 101, F. Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. | M. : 8160053460